# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૩૬ તા. ૫-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ક્લસ્ટર કક્ષાની બાકી રહેતી બે દિવસની તાલીમ આયોજન અંગે.**

**સંદર્ભ :- એસ.એસ.એ./ટી.ટી./૧૬/૧૭૪-૨૧૬ તા.૩-૧-૧૭**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીને જણાવવાનું કે વર્ષ : ૨૦૧૬-૧૭ના બજેટ અંતર્ગત ૪ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ પૈકી ૨ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ પ્રથમ સત્રમાં પૂર્ણ કરવામાં આવેલ છે. ક્લસ્ટર કક્ષાની બાકી રહેતી બે દિવસની તાલીમ આગામી તા.૭-૧-૧૭ અને ૪-૨-૧૭ના રોજ શનિવારે નિયત થયેલ સમય મુજબ સવારે ૭-૩૦ થી ૧૩ કલાક સુધી યોજવામાં આવશે. ઉપરાંત તા.૭-૧-૧૭ના રોજ ક્લસ્ટર કક્ષાએ ગુણોત્સવ સંદર્ભે પણ સી.આર.સી.કો.ઓર્ડિનેટર અને સુપરવાઈઝરશ્રી મારફતે માર્ગદર્શન આપવામાં આવનાર હોઈ દરેક શિક્ષકે પોતાના જ ક્લસ્ટરમાં તાલીમ મેળવવાની રહેશે. આ તાલીમનું સ્થળ તમારા સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા જણાવવામાં આવશે.

આ તાલીમ દરમ્યાન ઈ-ક્લાસ અને ઈ-કન્ટેન્ટના ઉપયોગ સબંધી માર્ગદર્શન તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને શાળા સેફટી અંતર્ગત બાયસેગ મારફતે સવારે ૮-૦૦ કલાકથી ૧૧-૩૦ કલાક દરમ્યાન તાલીમ આપવામાં આવશે. અગાઉના સ્કૂલ બોર્ડના પરિપત્ર નં.૮૮ તા.૨૯-૯-૧૬ની તમામ સૂચનાઓ સહિત તાલીમના દિવસે શાળાનું શૈક્ષણિક કાર્ય અનઅધ્યયન રાખી મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા મુખ્ય શિક્ષકશ્રીએ કરવાની રહેશે.

તા.૫-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી